# બૉસ નહીં, પણ સારા લીડર બનો...

એચિવ યોર ગોલ

★ ભાવેશ ઉપાધ્યાય

આપણે ત્યાં અંગ્રેજીમાં કહેવત છે કે 'બૉસ ઇઝ ઓલવેઝ રાઇટ.' આનો અર્થ એ થયો કે તમારે કશું વિચારવાનું જ નહીં અને તમારો બૉસ કહે એટલે તેને હા પાડી દેવાની. આજકાલ કૉર્પોરેટ વર્લ્ડમાં એક શબ્દ પ્રચલિત થયો છે, 'બૉસીઝમ.' કર્મચારીઓ રિસેસના સમયે કે સાંજે ઘરે જતાં ટોળે વળીને એક વાત કરતા જોવા મળે છે કે આ નવો બૉસ આવ્યો છે ને આખો દિવસ બૉસીઝમ જ કર્યા કરે છે. બૉસ સારું વિચારતો હોય કે ન હોય, કંપનીના હિતમાં હોય કે ન હોય, પણ તે પોતે માનતો હોય કે કહેતો તે બધું સાચું.

વળી આજકાલ મોટા ભાગના કર્મચારીઓ પણ 'બૉસ ઇઝ ઓલવેઝ રાઇટ'ના નારાને અનુસરે છે એમાં પછી ભલેને ઑર્ગેનાઇઝેશનનું સત્યાનાશ વળી જાય. એમના માટે તો એક જ અગત્યનું છે કે બૉસ હંમેશાં ખુશ રહેવો જોઈએ.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે કોઈ પણ કંપની કે ઑર્ગેનાઇઝેશનમાં સારા બૉસ બનવું હોય તો તેમણે પહેલા લોકપ્રિય લીડર બનવું પડે છે. સારા લીડર બનવા વ્યક્તિએ તેના વ્યક્તિત્વમાં નિખાર લાવવો પડે છે, તેણે બદલાવું પડે છે. આમાં એક વાત ધ્યાનમાં રાખો કે જે લીડર પોતાના કર્મચારીઓ પાસેથી શ્રેષ્ઠ કામ લઈ શકે એ જ સારો બૉસ બની શકે. કર્મચારીઓને દબાવવાથી, ધમકાવવાથી કે કાઢી મૂકવાની ધમકીઓ આપીને સારા લીડર કે બૉસ બની શકાતું નથી. આવા વર્તનથી કર્મચારી આપમેળે એનો રસ્તો કરી જ આપતો હોય છે. બીજું છે કે બૉસ કે લીડર એ પોતાની સારી પ્રતિભા ઊભી કરવી હોય તો અથવા તો કર્મચારીઓ પાસેથી સારું કામ લેવું હોય તો એક ટીમ મેમ્બર બનીને સૌમાં હળીમળી જવું પડશે. દરેક વ્યક્તિએ એક બૉસ અને લીડર વચ્ચેનો તફાવત જાણી લેવો અત્યંત જરૂરી છે.




બૉસ : કર્મચારીઓ જોડેથી યેનકેન પ્રકારેણ કામ લે છે.

લીડર : સારો લીડર એક કોચની જેમ કામ કરે છે. કર્મચારીઓને યોગ્ય ટ્રેનિંગ અપાવીને કામ લે છે.

બૉસ : પોતાની સત્તા ઉપર વિશેષ મદાર રાખે છે.

લીડર : પોતાની ગુડવિલ ઉપર કર્મચારીઓ પાસેથી કામ લે છે.

બૉસ : લોકોને ડર બતાવીને કામ લે છે.

લીડર : લોકોને ઉત્સાહિત કરીને કામ કરાવે છે.

બૉસ : હંમેશાં અંગ્રેજી 'I' હુંનો વિશેષ ઉપયોગ કરે છે.

લીડર : હંમેશાં 'We'ને સાથે લઈને આગળ વધે છે.

બૉસ : નિષ્ફળતાનો દોષ પોતાની ટીમ ઉપર ઢોળી દે છે.

લીડર : નિષ્ફળતા માટે સૌ પ્રથમ પોતાની જાતને જવાબદાર ગણે છે.

બૉસ : પોતે જાણે છે કે કામ કઈ રીતે કરવું.

લીડર : ટીમને બતાવે છે કે કામ કઈ રીતે કરવું.

બૉસ : કર્મચારીઓનો યોગ્ય ઉપયોગ કરી શકતો નથી.

લીડર : કર્મચારીઓનાં કૌશલ્યને વિકસાવે છે.

**કોઈ પણ કંપની કે ઑર્ગેનાઇઝેશનમાં સારા બૉસ બનવું હોય તો તેમણે પહેલા લોકપ્રિય લીડર બનવું પડે છે. સારા લીડર બનવા વ્યક્તિએ તેના વ્યક્તિત્વમાં નિખાર લાવવો પડે છે, તેણે બદલાવું પડે છે. આમાં એક વાત ધ્યાનમાં રાખો કે જે લીડર પોતાના કર્મચારીઓ પાસેથી શ્રેષ્ઠ કામ લઈ શકે એ જ સારો બૉસ બની શકે**

બૉસ : સફળતા મળે એટલે સૌથી પહેલા આગળ આવી જાય છે.

લીડર : સફળતાનું શ્રેય આખી ટીમને આપે છે.

બૉસ : ટીમને કહે છે કે કામ કરો.

લીડર : ટીમને કહે છે કે ચાલો સાથે મળીને કામ કરીએ.

કોઈ પણ વ્યક્તિએ ઑર્ગેનાઇઝેશનમાં સારા લીડર તરીકે પ્રસ્થાપિત થવું હોય તો કેટલાક ચોક્કસ નિયમો કેળવવા પડે છે અથવા તો પોતાનામાં બદલાવ લાવવો અનિવાર્ય છે. હંમેશાં ટીમ વર્કને પ્રાધાન્ય આપવું. પોતે એક બૉસ છે તે દર્શાવવા માટે કામ ન કરવું, પરંતુ સારા લીડર તરીકે પોતાની ઓળખાણ પ્રસ્થાપિત કરવા માટે પોતાના કામમાં શ્રેષ્ઠતા બતાવવી. બૉસ તરીકેના ગુણોને કેળવવાના બદલે કામ કરવાની- કરાવવાની કુનેહના કૌશલ્યને કેળવવું. લોકો પાસેથી બહેતરીન કામ કેવી રીતે લેવું એ પણ એક કળા છે.

લોકો તમારી સાથે ભયની પ્રીત રાખે એવો માહોલ બનાવવો નહીં. કર્મચારીઓને ડર બતાવીને ક્યારેય કામ કરાવવું નહીં.

લોકોને સારી પ્રેરણા આપીને કામ કરાવવું જેથી કામ ઝડપી પૂર્ણ થશે અને યશની પ્રાપ્તિ થશે.

સફળતા મળે તો ટીમને ક્રેડિટ આપવી અને નિષ્ફળતા મળે ત્યારે પોતે જવાબદારી સ્વીકારવી. આટલું કરશો તો તમારા ટીમ મેમ્બર્સ તમને માનથી જોશે. સારા લીડરે પોતાના ગમા-અણગમાને બાજુએ રાખવા. તેણે તમામ કર્મચારીઓ માટે સમાનતા રાખવી અને માત્ર પર્ફોર્મન્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું.

નેતૃત્વ કરનારી વ્યક્તિએ પોતાના સહકર્મચારીઓની મુશ્કેલીઓને માનવતા અભિગમથી જોવી. માત્ર કર્મચારીઓ કામનું મશીન છે તે તરીકે ન મૂલવતાં તે એક 'હ્યુમન બીઇંગ' છે તે રીતે જોવું. કર્મચારીને મુશ્કેલીમાં સાથ આપવાથી તેનું દિલ જીતી શકશો જેની અન્ય કર્મચારીઓ ઉપર સારી અસર પડશે.

ubhavesh@hotmail.com

## બહારોં કી નઝર મેં ફૂલ ઔર કાંટે બરાબર હૈં
## મોહબ્બત ક્યા કરેંગે દોસ્ત દુશ્મન દેખને વાલે
## - કલીમ આજિઝ

કેફિયત

★ હનીફ મહેરી

વસંત ઋતુની નજરમાં ફૂલ અને કાંટા બરાબર છે, પ્રેમ શું કરશે દોસ્ત દુશ્મન જોવાવાળા. વસંત ઋતુમાં માત્ર ફૂલો ખીલે છે એવું નથી. વસંત ઋતુ તો કાંટા માટે પણ ફૂલો જેવી જ છે. વસંત બધા માટે છે. તેવી રીતે દોસ્તદુશ્મનનો ફરક જોનારા ક્યારે પણ પ્રેમ કરી શકતા નથી. પ્રેમ કરનારા માટે તો બધા મિત્રો જ છે. પ્રેમનો એ મહિમા છે કે દુશ્મનને પણ દોસ્ત બનાવી દે. પ્રેમમાં ક્યાંય પણ જો શત્રુભાવ હોય તો પછી પ્રેમ પ્રેમ રહેતો નથી. મહોબ્બતમાં બધા પ્રત્યે સ્નેહ જ વરસતો હોય. અહીં વેરઝેરને કોઈ અવકાશ નથી. વસંત ઋતુમાં જે પ્રકારે ફૂલઝાડને એક સરખો ન્યાય મળે છે. અહીં કાંટાને અલગ તારવીને કોઈ તેના પ્રત્યે પાનખરની દાઝ કાઢવામાં આવતી નથી. અહીં દરેક માટે બહાર છે. ફૂલ માટે પણ અને કાંટા માટે પણ. તેવી રીતે પ્રેમમાં પણ ક્યાંય પણ તમને નફરત જોવા નહીં મળે. જ્યાં જરા પણ નફરત હશે તે જગ્યાની આસપાસ પ્રેમ જોવા નહીં મળે. બીજી રીતે કહીએ તો જ્યાં પ્રેમ હોય છે ત્યાં દૂર દૂર સુધી નફરતને અવકાશ હોતો નથી. પ્રેમની આ તાસીર છે. જ્યાં પ્રેમ હોય ત્યાં દુશ્મની પણ નહીં હોય. ભેદભાવ પણ નહીં હોય. જાતપાત પણ નહીં હોય. બસ પ્રેમ હોય એટલે ત્યાં સત્ય હોય, કરૂણા હોય. ત્યાં લાગણી હોય. ત્યાં ત્યાગની ભાવના હોય. ત્યાં દયા હોય. ત્યાં સંવેદના હોય. બસ ત્યાં જ પ્રેમ હોય. જો કોઈ વ્યકિત બીજા પ્રત્યે થોડી પણ નફરત રાખે તો તે પ્રેમ નહીં કરી શકે. પ્રેમ કરનારો કોઈ પણ વ્યકિત જેને ચાહે છે તેની બધી ખામીઓ તેના માટે ખૂબી જેવી થઈ જાય છે. જાણે કાંટા પણ તેના માટે ફૂલો સમાન થઈ જાય છે. તો જ પ્રેમ થઈ શકે. પ્રેમ કરનારાને પ્રિયજનમાં માત્ર ખૂબીઓ જ દેખાતી હોય છે. અહીં દુશ્મનીને કોઈ જગા રહેતી નથી. અહીં માત્ર દોસ્તી જ બધે જોવા મળે છે. પ્રેમના ઉપવનમાં વસંત ઋતુનો મહિમા બારેમાસ હોય છે. અહીં નફરતની પાનખરને પ્રવેશબંધી હોય છે.

